# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




**વલ્લભ વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટીમાં વિવાદોનું 'બખડજંતર' | નર્સિંગના એક જ વિષયમાં 200થી વધુ વિદ્યાર્થીઓ નપાસ**

# એસપી યુનિ.માં નર્સિંગના વિદ્યાર્થીઓનો ભારે હોબાળો

**વિદ્યાર્થીઓએ નોટો** ઉછાળી ભ્રષ્ટાચારના આક્ષેપો કર્યા

**રોષ જોઈ** વાઈસ ચાન્સેલર બાઉન્સરની મદદથી રવાના






(પ્રતિનિધિ) આણંદ તા.27

વલ્લભ વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટી છેલ્લા કેટલાક સમયથી વિવાદોનું પર્યાય બની છે અને શુક્રવારના રોજ ફરી એકવાર શિક્ષણ જગતને શરમાવે તેવી ઘટના સામે આવી છે. અગાઉ રાજકીય વગ ધરાવતા મળતિયાઓની ભરતી અને અંગ્રેજી વિભાગના અધ્યક્ષ દ્વારા પ્રોફેસરને થપ્પડ મારવાના પ્રકરણની શાહી હજુ સુકાઈ નથી, ત્યાં નર્સિંગના પરિણામોમાં ધાંધિયા સામે આવતા યુનિવર્સિટી કેમ્પસ રણમેદાનમાં ફેરવાયું હતું. વિવિધ કોલેજના 200 જેટલા નર્સિંગ વિદ્યાર્થીઓને એક જ વિષયમાં નપાસ કરી દેવાતા વિદ્યાર્થીઓએ ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું.

સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે રોષે ભરાયેલા વિદ્યાર્થીઓએ નાણાં લઈને પાસ કરવામાં આવતા હોવાના ગંભીર આક્ષેપો સાથે કેમ્પસમાં 'નોટોનો વરસાદ' કરી અનોખો વિરોધ નોંધાવ્યો હતો. વિદ્યાર્થીઓ અને વાઈસ ચાન્સેલર વચ્ચે ઉગ્ર બોલાચાલી થતા મામલો બિચક્યો હતો. સ્થિતિ વણસતી જોઈ વાઈસ ચાન્સેલર વિદ્યાર્થીઓના પ્રશ્નોના જવાબ આપવાને બદલે ત્યાંથી બાઉન્સરની મદદથી તાત્કાલિક રવાના થઈ જતાં વિદ્યાર્થીઓમાં ભારે રોષ ફેલાયો હતો.

રાજ્ય સરકાર દ્વારા અમલી બનાવાયેલા યુનિવર્સિટી કોમન એક્ટ હેઠળ સેનેટ અને સિન્ડિકેટ સભ્યોની સત્તા રદ કરી ગવર્નિંગ બોડીની રચના કરવામાં આવી છે. આ નવી વ્યવસ્થામાં માનીતાઓની નિમણૂક થતાં યુનિવર્સિટીમાં સત્તાધીશોની મનમાની વધી હોવાનું અને શૈક્ષણિક કાર્યને બદલે વિવાદો પર વધુ જોર હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

### સતત વિવાદોના ઘેરામાં યુનિવર્સિટી

**ભરતી કૌભાંડ:** તાજેતરમાં જ રાજકીય નેતાઓના પરિવારજનો અને મળતિયાઓની ભરતી કરવામાં આવી હોવાના આક્ષેપો થયા હતા.

**થપ્પડ કાંડ:** ઈંગ્લિશ વિભાગના મહિલા હેડ દ્વારા અધ્યાપકને લાફો ઝીંકી દેવાની ઘટનાએ ભારે ચકચાર જગાવી હતી.

**પરિણામમાં ગેરરીતિ:** હવે 200 વિદ્યાર્થીઓને એકસાથે નાપાસ કરી દેવાના કિસ્સાએ પરીક્ષા પદ્ધતિ સામે સવાલો ઊભા કર્યા છે.

## અન્ય એક્સપર્ટ દ્વારા ઉત્તરવહીનું મૂલ્યાંકન થશે

**વિદ્યાર્થીઓની ઉગ્ર** રજૂઆત અને 100 જેટલી લેખિત ફરિયાદો બાદ કુલપતિએ આપી બાહેધરી

(પ્રતિનિધિ) આણંદ તા.27

વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન નર્સિંગ કોલેજોના બીએસસી (નર્સિંગ) સેમેસ્ટર-4 ના વિદ્યાર્થીઓના પરિણામ અંગે ચાલી રહેલા વિવાદમાં યુનિવર્સિટી વહીવટી તંત્રએ નમતું જોખ્યું છે. વિદ્યાર્થીઓના હિતને સર્વોપરી ગણીને, તાજેતરમાં લેવાયેલી પરીક્ષાના પરિણામો બાબતે થયેલી રજૂઆતોની ગંભીર નોંધ લેતા કુલપતિ દ્વારા તમામ ઉત્તરવહીઓનું અન્ય નિષ્ણાતો પાસે પુનઃમૂલ્યાંકન કરાવવાની જાહેરાત કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, યુનિવર્સિટીએ અગાઉ એક્સપર્ટ ઓપિનિયન લીધો હતો જેમાં મૂલ્યાંકન કાર્ય યોગ્ય હોવાનું જણાવાયું હતું. જોકે, શુક્રવારે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ આન્સર બુકના ઓબ્ઝર્વેશન માટે યુનિવર્સિટી ખાતે ઉમટી પડ્યા હતા. આ દરમિયાન વિદ્યાર્થીઓએ મૂલ્યાંકન અંગે અનેક શંકાઓ વ્યક્ત કરી હતી અને આશરે 100 જેટલી સત્તાવાર ફરિયાદો (ક્વેરી) નોંધાવી હતી. વિદ્યાર્થીઓના ઉગ્ર વિરોધને જોતા, માનનીય કુલપતિશ્રીએ વિદ્યાર્થીઓની આન્સર બુકનું અન્ય સ્વતંત્ર એક્સપર્ટ દ્વારા ફરીથી મૂલ્યાંકન કરાવવાની બાહેધરી આપી છે.

સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ અને રજિસ્ટ્રાર દ્વારા વિદ્યાર્થી પ્રતિનિધિઓ સાથે રૂબરૂ મુલાકાત કરીને સંવાદ સાધવામાં આવ્યો હતો. યુનિવર્સિટીએ સ્પષ્ટ કર્યું છે કે, જે વિષયોમાં પરિણામ નીચું આવ્યું છે અથવા વિદ્યાર્થીઓને અન્યાયની લાગણી છે, તે તમામ કિસ્સાઓમાં નિયમાનુસાર ઓબ્ઝર્વેશન પછીની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે. વધુમાં, ઈન્ડિયન નર્સિંગ કાઉન્સિલ (INC) ની નવી ગાઈડલાઈન્સનું પાલન કરવામાં આવી રહ્યું છે, તેમ છતાં જો પેપર સ્ટાઈલ બાબતે કોઈ મૂંઝવણ હશે તો આગામી સમયમાં નર્સિંગ ફેકલ્ટીના ડીન અને નિષ્ણાતો સાથે પરામર્શ કરી જરૂરી માર્ગદર્શન આપવામાં આવશે.

### યુનિવર્સિટી દ્વારા લેવાયેલા મહત્વના નિર્ણયો

- **વિદ્યાર્થીઓની** તમામ આન્સર બુકનું હવે અન્ય એક્સપર્ટ દ્વારા ફરીથી મૂલ્યાંકન કરવામાં આવશે.
- **ઓબ્ઝર્વેશન** દરમિયાન મળેલી 100 જેટલી લેખિત ફરિયાદો પર ગંભીરતાથી કાર્યવાહી થશે.
- **પેપર સ્ટાઇલની** મૂંઝવણ દૂર કરવા માટે ફેકલ્ટી ડીન અને નિષ્ણાતો સાથે પરામર્શ કરાશે.
- **યુનિવર્સિટીના** નિયમોની મર્યાદામાં રહીને વિદ્યાર્થીઓને પૂરતો ન્યાય આપવાની કુલપતિની ખાતરી.

## આણંદમાં મિલકત વેરો ન ભરતા વધુ 15 દુકાન સીલ

**બાકરોલના** આસ્થા એપાર્ટમેન્ટમાં 1.19 લાખના બાકી વેરા સામે કડક કાર્યવાહી

(પ્રતિનિધિ) આણંદ તા.27

કરમસદ - આણંદ મનપાના કમિશનરની સૂચના અનુસાર, ટેક્સ વિભાગની રિકવરી ટીમ દ્વારા બાકી મિલકત વેરો વસૂલવા માટે ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશના ભાગરૂપે આજે વેરો ન ભરનારા એકમો સામે કડક પગલાં લેવામાં આવ્યા હતા.

કરમસદ - આણંદ મનપાની રિકવરી ટીમે શુક્રવારે બાકરોલ વિસ્તારમાં આવેલા આસ્થા એપાર્ટમેન્ટની 15 દુકાનોને તાત્કાલિક અસરથી સીલ કરી દીધી છે. આ દુકાનો દ્વારા રૂ. 1,19,849નો મિલકત વેરો લાંબા સમયથી ભરપાઈ કરવામાં આવ્યો ન હોવાથી આ કાર્યવાહી કરવામાં આવી હતી. આ ઉપરાંત, ટીમે પાલિકા વિસ્તારના અન્ય મિલકત ધારકો પાસેથી રૂ. 89,631ના બાકી વેરાની રોકડ વસૂલાત પણ કરી છે.

કરમસદ - આણંદ મનપાએ તમામ મિલકત ધારકોને 31 માર્ચ, 2026 સુધીમાં પોતાનો બાકી વેરો જમા કરાવી દેવા ખાસ અનુરોધ કર્યો છે. મનપાએ સ્પષ્ટ ચીમકી આપી છે કે જે મિલકત ધારકો આ સમયમર્યાદામાં વેરો નહીં ભરે, તેઓની સામે કાયદાની જોગવાઈઓ મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે.

## નડિયાદની પ્રખ્યાત ધ ગ્રાન્ડ જ્યોતિ રેસ્ટોરન્ટમાં ફૂડ વિભાગના દરોડાં

**ખાદ્ય** પદાર્થોના સેમ્પલના રિપોર્ટ આવતા એક મહિનો લાગશે



(પ્રતિનિધિ) નડિયાદ તા.27

નડિયાદના સંતરામ રોડ પર આવેલી અને લોકોમાં જ્યોતિ દાલપુરી તરીકે જાણીતી 'ધ ગ્રાન્ડ જ્યોતિ રેસ્ટોરન્ટ'માં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા તપાસની કામગીરી હાથ ધરવામાં આવી હતી. બુધવારના રોજ મળેલી એક ચોક્કસ ફરિયાદના આધારે ફૂડ વિભાગની ટીમ દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી હતી, જેનાથી શહેરના ખાણીપીણીના બજારમાં ફફડાટ વ્યાપી ગયો છે.

આ અંગે ફૂડ વિભાગના અધિકારી પિયુષ પ્રજાપતિએ જણાવ્યું હતું કે, રેસ્ટોરન્ટ વિરુદ્ધ મળેલી ફરિયાદને પગલે સ્થળ પર તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન રેસ્ટોરન્ટમાં ઉપયોગમાં લેવાતી કાચી સામગ્રી અને તૈયાર વાનગીઓના સેમ્પલ લેવામાં આવ્યા છે. આ નમૂનાઓને વધુ ટેસ્ટિંગ માટે લેબોરેટરીમાં મોકલવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. અધિકારીઓએ ખાદ્ય સામગ્રીની ગુણવત્તા અને સ્વચ્છતા (હાઈજીન) ના નિયમોનું પાલન થાય છે કે નહીં તે બાબતે ઝીણવટભરી તપાસ કરી હતી.

વધુમાં ફુડ વિભાગના જણાવ્યા અનુસાર, લેબોરેટરી રિપોર્ટ આવતા અંદાજે 1 મહિના જેટલો સમય લાગી શકે તેમ છે. આ રિપોર્ટ આવ્યા બાદ જ ખબર પડશે કે પીરસવામાં આવતું ભોજન સ્વાસ્થ્ય માટે હાનિકારક છે કે કેમ ? જો રિપોર્ટમાં કોઈ ક્ષતિ જણાશે તો સંબંધિત એકમ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

બીજી તરફ, શહેરીજનોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે રિપોર્ટ આવવામાં એક મહિના જેટલો લાંબો સમય લાગે તે દરમિયાન લોકોના સ્વાસ્થ્યની જવાબદારી કોની ? તંત્ર દ્વારા માત્ર ફરિયાદ મળે ત્યારે જ નહીં, પરંતુ સમયાંતરે આકસ્મિક તપાસ કરવામાં આવે તેવી લોક માંગ ઉઠી છે. હાલમાં ફૂડ વિભાગે સેમ્પલ સીલ કરી પ્રાથમિક કામગીરી પૂર્ણ કરી છે અને હવે સૌની નજર એક મહિના પછી આવનારા રિપોર્ટ પર ટકેલી છે.

## કપડવંજના શિક્ષકે 'જેકપોટ'ની લાલચમાં 1.81 લાખ ગુમાવ્યાં

(પ્રતિનિધિ) કપડવંજ તા.27

કપડવંજ શહેરની તુલસીવિલા સોસાયટીમાં રહેતા અને વ્યવસાયે શિક્ષક એવા એક વ્યક્તિ સાથે ફોરેક્સ ટ્રેડિંગમાં રોકાણના બહાને 1.81 લાખની ઓનલાઈન છેતરપિંડી થઈ હોવાની ઘટના સામે આવી છે.

કપડવંજમાં રહેતા કલ્પેશકુમાર ત્રિભોવનભાઈ જોશીએ ગત 4 માર્ચના રોજ સોશિયલ મીડિયા પર દીપક યાદવ નામના વ્યક્તિની ફોરેક્સ ટ્રેડિંગ અને નફા અંગેની એક જાહેરાત જોઈ હતી. આ જાહેરાતથી પ્રેરાઈને તેમણે સંપર્ક કરતા સામા પક્ષેથી સંજયસિંહ રાજપૂત નામના શખ્સે પોતે ઓફિસમાં નોકરી કરતો હોવાનું જણાવી ફરિયાદીને વિશ્વાસમાં લીધા હતા અને ઊંચા વળતરની લાલચ આપી રોકાણ કરવા દબાણ કર્યું હતું.

સાયબર ગઠિયાઓએ શરૂઆતમાં શિક્ષક પાસે 50,000નું રોકાણ કરાવવામાં આવ્યું હતું. બાદ આરોપીઓએ એક નકલી સ્ક્રીનશોટ મોકલીને જણાવ્યું હતું કે તેમના રોકાણ પર 5,95,700નો જેકપોટ લાગ્યો છે. આ રકમ મેળવવા માટે જીએસટી પેટે 90,700 ભરવા પડશે તેવી શરત મુકવામાં આવી હતી. લાલચમાં આવીને ટુકડે-ટુકડે નાણાં ટ્રાન્સફર કર્યા હતા.

આમ, વારંવાર જીએસટી અને અન્ય ટેકનિકલ કારણો બતાવીને ગઠિયાઓએ કુલ 1,81,700 પડાવી લીધાં હતાં. તેમ છતાં કોઈ વળતર ન મળતા છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો. આ અંગે કપડવંજ ટાઉન પોલીસે ફરિયાદ આપી હતી.

**નિયમોના ધજાગરા ઉડાડતાં જવાબદારો સામે કડક પગલાં ભરવા માંગ**

## આણંદ :ડમ્પિંગ સાઈટ પર મેડિકલ વેસ્ટ સળગાવતા રહિશો ગુંગળાયાં

**હોસ્પિટલનો** જોખમી કચરો ખુલ્લામાં બાળતા જનઆરોગ્ય જોખમમાં

### જન આરોગ્ય સામે ગંભીર ખતરો

મેડિકલ વેસ્ટમાં રહેલા જોખમી અને ચેપી તત્વોને કારણે ગંભીર બીમારીઓ ફેલાઈ શકે છે. ડમ્પિંગ સાઇટ પર યોગ્ય પ્રક્રિયા કરવાને બદલે કચરો સળગાવતા શ્વાસ લેવામાં પરેશાની ઊભી થઈ રહી છે, જે સ્થાનિકોના સ્વાસ્થ્ય માટે જોખમી સાબિત થઈ શકે છે.

(પ્રતિનિધિ) આણંદ તા.27

કરમસદ - આણંદ મનપા સંચાલિત ડમ્પિંગ સાઈટ પર ગેરકાયદેસર રીતે મેડિકલ વેસ્ટનો નિકાલ કરવા માટે તેને સળગાવવામાં આવતા આસપાસના રહેણાંક વિસ્તારોમાં ઝેરી ધુમાડો ફેલાયો હતો. આ ધુમાડાને કારણે સ્થાનિકોમાં ગૂંગળામણની અસરો વર્તાતા ભારે હોબાળો મચ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, બે દિવસ પૂર્વે રાત્રિના સમયે ડમ્પિંગ સાઈટ પરથી અચાનક ધુમાડાના ગોટેગોટા નીકળવાનું શરૂ થયું હતું, જે નજીકની સોસાયટીઓમાં ફેલાતા લોકોને શ્વાસ લેવામાં તકલીફ પડી હતી. સ્થાનિક રહીશો દ્વારા જ્યારે આ મામલે તપાસ કરવામાં આવી ત્યારે ચોંકાવનારો ઘટસ્ફોટ થયો કે, આણંદ વિસ્તારની હોસ્પિટલોનો મેડિકલ વેસ્ટ અહીં ઠાલવીને તેને સળગાવવામાં આવી રહ્યો હતો.

સામાન્ય રીતે મેડિકલ વેસ્ટનો નિકાલ નિર્ધારિત વૈજ્ઞાનિક પ્રક્રિયા મુજબ કરવાનો હોય છે, પરંતુ અહીં નિયમોનું ઉલ્લંઘન કરીને તેને ખુલ્લામાં સળગાવી દેવામાં આવતા ગંભીર પ્રદૂષણ અને દુર્ગંધની સાથે રોગચાળો વકરવાની આશંકા સેવાઈ રહી છે. આ ઘટનાથી રોષે ભરાયેલા સ્થાનિકોએ જન આરોગ્ય સાથે ચેડાં કરનારાઓ વિરુદ્ધ કડક પગલાં ભરવા રજૂઆત કરી છે.

### નડિયાદમાં રામજી મંદિરે રામલલ્લાના જન્મોત્સવે ભક્તો ઉમટ્યાં



નડિયાદના હાર્દ સમાન સંતરામ સર્કલ પાસે આવેલા પ્રાચીન રામજી મંદિરમાં રામનવમીના પર્વે ભગવાન રામનો જન્મોત્સવ અત્યંત ભક્તિમય વાતાવરણમાં ઉજવવામાં આવ્યો હતો. બપોરે બરાબર 12 કલાકે મહાઆરતી સાથે સમગ્ર મંદિર પરિસર 'જય શ્રી રામ'ના નાદથી ગુંજી ઉઠ્યું હતું. આ અવસરે ભગવાન રામલલ્લાને સુશોભિત પારણામાં બિરાજમાન કરી ઝુલાવવામાં આવ્યા હતા, જેના દર્શન અને પંચાજીરીના પ્રસાદનો હજારો ભાવિકોએ લાભ લઈ ધન્યતા અનુભવી હતી. **તસવીર : જશવંતસિંહ રાઠોડ**

## નડિયાદના પીજ રોડ પર મુખ્ય ગેસ લાઈન ફાટતા અફરાતફરી

**ઈડન ગાર્ડન** સોસાયટી પાસે સર્જાયેલ ભંગાણથી 500 ઘરોમાં ગેસ પુરવઠો ખોરવાયો



(પ્રતિનિધિ) નડિયાદ તા.27


નડિયાદ શહેરના પીજ રોડ પર આવેલી ઈડન ગાર્ડન સોસાયટી પાસે GSPCની મુખ્ય ગેસ પાઈપલાઈનમાં અચાનક મોટું ભંગાણ સર્જાતા સમગ્ર વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી. આ ઘટનાને કારણે 500થી વધુ ઘરોમાં રાંધણ ગેસનો પુરવઠો સતત 2 કલાક સુધી ખોરવાઈ જતા ગૃહિણીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. સદનસીબે, આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

નડિયાદ શહેર સામાન્ય દિવસની જેમ જનજીવન ધબકતું હતું તે દરમિયાન પાઈપલાઈન જોરદાર અવાજ સાથે ફાટતા અતિશય દબાણ સાથે ગેસ હવામાં ફેલાવા લાગ્યો હતો. ગેસની તીવ્ર વાસ ફેલાતા રહીશોમાં ગભરાટ ફેલાયો હતો અને લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. વાહનચાલકો થંભી જતા રસ્તો બ્લોક જેવી સ્થિતિ સર્જાઈ હતી. કોઈ મોટી આગની ઘટના ન બને તે માટે જાગૃત નાગરિકોએ તાત્કાલિક પાણીનો છંટકાવ શરૂ કરી ગેસની અસર ઓછી કરવાનો પ્રયાસ કર્યો હતો અને ફાયર વિભાગને જાણ કરી હતી. યુદ્ધના ધોરણે સમારકામ ગેસ લીકેજની જાણ થતા જ GSPCના ટેકનિકલ સ્ટાફે સ્થળ પર પહોંચી તકેદારીના ભાગરૂપે ગેસ સપ્લાય કાપી નાખ્યો હતો. રસોઈના સમયે જ 2 કલાક સુધી પુરવઠો બંધ રહેતા રોષ પણ જોવા મળ્યો હતો. અંતે, ટેકનિકલ ટીમે યુદ્ધના ધોરણે સમારકામ હાથ ધરી પુરવઠો પુનઃ સ્થાપિત કરવાની તજવીજ હાથ ધરી હતી.

## વડતાલધામમાં શ્રીહરિના 245મા પ્રાગટ્ય પર્વે છ દિવસીય 'ચૈત્રી સમૈયા'નો પ્રારંભ

**આચાર્ય** રાકેશપ્રસાદજીના હસ્તે ઠાકોરજીનો પંચામૃત અભિષેક

**હજારો** રંગબેરંગી ફુગ્ગાઓથી આકાશ ગુંજી ઉઠ્યું



(પ્રતિનિધિ) આણંદ તા.27

સ્વામિનારાયણ સંપ્રદાયના સર્વોચ્ચ તીર્થધામ વડતાલ ખાતે શુક્રવારથી ભગવાન શ્રીહરિના 245મા પ્રાગટ્ય ઉત્સવ નિમિત્તે છ દિવસીય ભવ્ય 'ચૈત્રી સમૈયા'નો મંગલ પ્રારંભ થયો છે. આ અવસરે હજારો હરિભક્તોની ઉપસ્થિતિમાં સમગ્ર મંદિર પરિસર 'જય સ્વામિનારાયણ'ના નાદથી ગુંજી ઉઠ્યું હતું.

વડતાલધામમાં શુક્રવારે વહેલી સવારે મંગળા આરતી બાદ ગાદીપતિ આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજ, મોટા લાલજી સૌરભપ્રસાદજી તથા નાના લાલજી દ્વિજેન્દ્રપ્રસાદજી મહારાજના વરદ હસ્તે ઠાકોરજીનો પંચામૃત અને કેસરજલથી શાસ્ત્રોક્ત વિધિ મુજબ અભિષેક કરવામાં આવ્યો હતો. આ દિવ્ય દર્શન માટે વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓની લાંબી કતારો જોવા મળી હતી.

અભિષેક વિધિ બાદ આચાર્યશ્રીએ વૈદિક મંત્રોચ્ચાર સાથે યજ્ઞનો પ્રારંભ કરાવ્યો હતો. આ મહોત્સવના ઉદઘાટનને યાદગાર બનાવવા માટે વાજતે-ગાજતે હવામાં હજારો રંગબેરંગી ફુગ્ગાઓ છોડવામાં આવતા આકાશી નઝારો અત્યંત આકર્ષક રહ્યો હતો. આ પ્રસંગે સત્સંગ મહાસભાના પ્રમુખ શાસ્ત્રી નૌતમપ્રકાશદાસજી, ચેરમેન ડો. સંતવલ્લભદાસજી સ્વામી સહિતના વરિષ્ઠ સંતો અને ટ્રસ્ટીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### 2જી એપ્રિલ સુધી ભક્તિનો અવિરત પ્રવાહ

- વડતાલધામમાં આ સમૈયો આગામી 2જી એપ્રિલ સુધી ચાલશે.
- દરરોજ સંતોની નિશ્રામાં કથા પારાયણ, કીર્તન અને ધૂનનું આયોજન.
- હરિભક્તો માટે દરરોજ મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી છે.
- સમગ્ર મંદિર પરિસરને રોશની અને ફૂલોથી મનમોહક શણગારવામાં આવ્યું છે.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ<br>કિશોર પ્લાઝા,<br>આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી<br>સાગર ભુવન, ડભાણ<br>ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**

મો. 99250 30225, મો. 99255 50225